# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-08-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- કેન્દ્રીય ગૃહ મંત્રીના હસ્તે અમદાવાદ શહેરને મળી 1003 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોની ભેટ
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 188 શરણાર્થીઓને નાગરિકતા પત્ર એનાયત કર્યા
- લોકરક્ષક અને પીએસઆઇ ભરતી માટે બાકી રહેલા ઉમેદવારો 26 ઓગસ્ટ થી 9 સપ્ટેમ્બર સુધી અરજી કરી શકશે
- ભાઇ બહેનના પ્રેમના પ્રતિક સમા રક્ષાબંધનના પર્વની ઉજવણી માટે રાજ્યભરમાં ઉમંગ અને ઉત્સાહ.. રાખડી અને મિઠાઇઓની ખરીદી માટે બજારોમાં ભારે ભીડ
- આગામી ત્રણ દિવસ દરમિયાન ગુજરાતમાં વરસાદની શક્યતા નહિવત હોવાની હવામાન વિભાગની આગાહી

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH VIKAS KARYO

રક્ષાબંધનના પાવન તહેવાર પૂર્વે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદને અંદાજિત 1003 કરોડ રૂપિયાનાં વિકાસકાર્યોની ભેટ આપી  છે.

શ્રી શાહે જણાવ્યું કે છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ગાંધીનગર લોકસભા વિસ્તારના નાગરિકોને અંદાજે 5000 કરોડ રૂપિયાનાં વિકાસલક્ષી કાર્યોની ભેટ આપી હતી.

(બાઇટ- અમિત શાહ, કેન્દ્રીય મંત્રી, લોકાર્પણ)

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરીજનોની સુખાકારી અને ઇઝ ઓફ લિવિંગ માટે સતત કામગીરી કરી રહી છે. આજે શરૂ કરવામાં આવેલા જિમ્નેશિયમ, સ્વિમિંગ પૂલ, ઓક્સિજન પાર્ક સહિતનાં વિકાસકાર્યો શહેરીજનોની સુખાકારી વધારશે. વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી જણાવ્યું હતું કે, સ્વચ્છતા, સુવિધા અને સુખાકારીના વિવિધ વિકાસ પ્રકલ્પો થકી સ્માર્ટ સિટી અને મેગા સિટી અમદાવાદ વધુને વધુ સુવિધાયુક્ત અને જનપ્રિય બનશે.

(બાઇટ - ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી, લોકાર્પણ)

----------------------

# AMIT SHAH NAGRIKTA PATR

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે નાગરિકતા પ્રમાણપત્ર વિતરણ' કાર્યક્રમ યોજાયો હતો. અમિત શાહે આજે 188

જેટલા શરણાર્થી નાગરિકોને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કર્યા હતા.. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અમદાવાદના ૯૦, મોરબીના ૩૬, સુરેન્દ્રનગરના ૨૦, પાટણના ૧૮, મહેસાણાના ૧૦, રાજકોટના ૬, કચ્છના ૩, વડોદરાના ૩, આણંદના ૨, એમ કુલ ૧૮૮ શરણાર્થીઓએ ભારતીય નાગરિકતા મેળવી હતી..

ભૂતકાળમાં થયેલા અન્યાયનો ઉલ્લેખ કરતા શ્રી શાહે જણાવ્યું કે, ૧૯૪૭થી ૨૦૧૪ સુધી પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન સહિતના દેશોમાંથી પ્રતાડિત થનાર નાગરિકોને અત્યાર સુધી નાગરિકતા ન આપીને દેશમાં પણ પ્રતાડિત કરાયા. પરંતુ નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી બન્યા બાદ શરણાર્થી નાગરિકોને ન્યાય અને નાગરિકતા બંને મળ્યા છે તેમ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું..

(બાઇટ- અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

----------------

## PSI EXAM

લોકરક્ષક અને પીએસઆઇ ભરતીની પરીક્ષા અંગે ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે ટ્વીટના માધ્યમથી મહત્વપૂર્ણ જાહેરાત કરી છે.. એપ્રિલ મહિનામાં જે ઉમેદવારોએ લોકરક્ષક અને પીએસઆઇ ભરતીની પરીક્ષા માટે અરજી કરવામાં બાકી રહી ગયા હોય તે તમામ ઉમેદવારો આગામી 26 ઓગસ્ટ થી 9 સપ્ટેમ્બર સુધી અરજી કરી શકશે.

-----

## PARIMAL NATHWANI PRESIDENT

રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ રાષ્ટ્રપતિભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી.. પરિમલ નથવાણીએ બે પુસ્તકો લખ્યા છે. તેમણે લખેલા બે પુસ્તકો 'ઝારખંડ મેરી કર્મભૂમિ' અને 'કોલ ઓફ ધ ગિર' રાષ્ટ્રપતિને અર્પણ કર્યા હતા.. મુલાકાત બદલ રાષ્ટ્રપતિનો તેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

----------------------

## RAKSHABANDHAN UJAVANI

ભાઈ અને બહેનના પ્રેમના પ્રતીક એવા રક્ષાબંધનના તહેવારની આવતીકાલે સમગ્ર દેશ અને રાજ્યમાં ઉજવણી થશે. ત્યારે રક્ષાબંધનની ઉજવણીને લઈ ભાઇઓ અને બહેનોમાં ઉત્સાહ અને ઉમંગ જોવા મળે છે. આજે રવિવારના દિવસે ઘણા બધા લોકોએ રજાનો લાભ લઇને આજથી જ રક્ષાસૂત્ર બાંધવાની શરૂઆત કરી દીધી છે. રાજ્યભરના શહેરો નગરો અને ગામડાઓમાં રાખડી બજારોમાં ભીડ જોવા મળી હતી.. બહેનો રાખડીની મોટાપાયે ખરીદી કરતી નજરે પડી હતી..

રાખડીઓ સાથેસાથે સ્વાદિષ્ટ મિઠાઇઓ અને ફરસાણની પણ ધૂમ ખરીદી કરવામાં આવી રહી છે. ત્યારે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત સહિત મહિસાગર જેવા જિલ્લાઓમાં પણ બજારોમાં ઘરાકી જોવા મળી હતી...

મોરબીમાં હેલ્મેટના પહેરનાર વાહનચાલકોની સલામતી માટે પોલીસે તેમને રક્ષા સૂત્ર બાંધ્યું હતું.

..........................

## MOONSOON MERATHON

વલસાડના ધરમપુર ખાતે વિલ્સન હિલ હાફ મેરેથોન મોન્સૂન એડિશન 2.0 યોજાઇ હતી.

લાયન્સ ક્લબ ઓફ ધરમપુર સ્ટેટ અને શ્રીમદ્દ રાજચંદ્ર મિશન ધરમપુરના સંયુક્ત ઉપક્રમે આ હાફ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા સહિત આજુબાજુના વિસ્તારમાંથી એક હજારથી વધારે દોડવીરોએ ભાગ લીધો હતો. જેમાં આફ્રિકન દેશ ઈથોપિયાના પાંચ દોડવીરો પણ સામેલ હતા. જળ બચાવો અને જળ સંગ્રહણના સંદેશ સાથે રેસ કેટેગરી 21.1 કિમી હાફ મેરાથોન, 16 કિલોમીટર, 10 કિલોમીટર ટાઈમ રન અને 5 કિલોમીટરની ફન રનની આ મોન્સૂન મેરેથોનમાં ગુજરાત, મહારાષ્ટ્ર, UP, MP, દિલ્હી સહિત સ્પર્ધકોએ પણ ભાગ લીધો હતો.

--------

## DAMAN CULTURAL PARADE

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં “મોન્સૂન ફેસ્ટિવલ” અંતર્ગત સાંસ્કૃતિક પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોસ્ટ ગાર્ડ દ્વારા એર શોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિવિધ સમાજના કલાકારો, વેસ્ટર્ન કલ્ચરલ આર્ટસ સેન્ટરના કલાકારો દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. પ્રદેશના પ્રશાસકના સલાહકાર અમિત સિંગલાના હસ્તે સાંસ્કૃતિક પરેડને લીલી ઝંડી દર્શાવવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં દમણવાસીઓ અને પ્રવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે આદિવાસી ડાન્સ, રોડ શો, કાર્ટૂન કેરેક્ટર, લાઈવ મ્યુઝિક બેન્ડ, વેસ્ટ ઝોન કલ્ચર સેન્ટરના કલાકારો દ્વારા સાંસ્કૃતિક નૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી...

. . . . . . . . . . . . . . . .

## WEATHER

આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં વરસાદ વરસવાની શક્યતા નહિવત હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. પરંતુ ગુરૂવાર અને શુક્રવાર એમ બે દિવસ દરમિયાન રાજ્યના કેટલાક સ્થળોએ હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.. જ્યારે ગુરૂવારે અને શુક્રવાર દરમિયાન દક્ષિણ ગુજરાતમાં 30થી 40 કિલોમીટરની ઝડપે પવનસાથે ભારે વરસાદની આગાહી પણ હવામાન વિભાગે કરી છે. જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં હળવો વરસાદ વરસી શકે તેવી શક્યતા છે.

-----

## VADODARA CORIDORE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પ્રવાસન સ્થળ તરીકે ખ્યાતિ પ્રાપ્ત સ્ટેચ્યુ ઓફ યુનિટી-એક્તા નગર સાથે વડોદરાને જોડતા રસ્તાને હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવવાની મંજૂરી આપી છે. જેના પરિણામે  હાઈસ્પીડ કોરીડોરના ફેઝ-૧ની કામગીરી અન્વયે વડોદરા નેશનલ હાઈવે ૪૮ જંક્શનથી વુડા હદ સુધી છ-માર્ગીય રોડ તથા બંને બાજુ સર્વિસ રોડની કામગીરી,  વુડા હદ થી ડભોઇ સુધીની લંબાઇ પૈકી બાકી રહેલ ૨.૫ કી.મી. લંબાઇમાં સ્ટાન્ડર્ડ ચાર માર્ગીયકરણની કામગીરી થશે.

જેમાં બે અન્ડરપાસ અને બે એલીવેટેડ કોરીડોર પણ નિર્માણ થશે. આ ઉપરાંત રતનપુર ચોકડી ઉપર તથા થુવાવી જંક્શન ઉપર ૬ માર્ગીય વ્હિકલ અન્ડરપાસ તેમજ કેલનપુર ગામમાં અને  સિનોર ચોકડી ઉપર ૪ માર્ગીય એલીવેટેડ થશે.

. . . . . . . . . . . . . . . . .

## MANDAVIYA VRUKSHAROPAN

કેન્દ્રીય શ્રમ અને રોજગારમંત્રી મનસુખ માંડવીયાએ, આજે અમરેલીના ખજૂરી ગામે દાતાઓ અને ગ્રામજનોના સહયોગથી તૈયાર થનાર નવનિર્મિત તળાવનું લોકાર્પણ કર્યું.  આ સાથે મંત્રીએ તળાવના કાંઠે વૃક્ષારોપણ કર્યું હતું.

ખજૂરી ગામના ગ્રામજનોએ, લોક ભાગીદારીથી 5,000 વૃક્ષ વાવવાનો સંકલ્પ કર્યો છે. 30 કરોડ લીટર પાણીના સંગ્રહ ક્ષમતા ધરાવતા તળાવના કાંઠે 2,000 જેટલા વૃક્ષનું ગ્રામજનો વાવેતર કરી ચૂક્યા છે. આજના કાર્યક્રમ દરમિયાન 1,000 વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું હતું.

-------------------------------

## CM - PRATHANA SABHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના પિતાની પ્રાર્થનાસભામાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સુરત અઠવાલાઇન્સ ખાતે યોજાયેલ સભામાં મુખ્યમંત્રીએ સદ્દગતને પુષ્પાંજલી અર્પણ કરી શ્રદ્ધાંજલી આપી હતી.

મુખ્યમંત્રીએ તેમના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. અને ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી દિવંગત આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

-----------------

## VALSAD-KANU DESAI

વલસાડ ખાતે સ્વ. કૈલાસનાથ પાંડે પરિવાર દ્વારા નાણાંમંત્રી કનુ દેસાઈની ઉપસ્થિતિમાં સરકારી હોસ્પિટલને 15 લાખ રૂપિયાની જીવનરક્ષક દવા અને લેબ સાધનોનું દાન આપવામાં આવ્યું. પાંડે પરિવાર દ્વારા છેલ્લા 15 વર્ષથી

હોસ્પિટલને નિ:શુલ્ક દવાનું દાન કરવામાં આવે છે. અત્યાર સુધી 65 લાખ રૂપિયાની દવાનું દાન હોસ્પિટલને પરિવારે કર્યું છે.

----------------

## Sabarkantha - Laksya Pramanpatra

સાબરકાંઠાના ખેડબ્રહ્મા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલે સતત ત્રીજી વાર "લક્ષ્ય" નું રાષ્ટ્રીય પ્રમાણપત્ર મેળવીને આરોગ્ય ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

આ સરકારી હોસ્પિટલમાં ગુણવતાયુકત આરોગ્ય સેવાઓ મળી રહે તેવા ઉમદા હેતુથી સરકાર દ્વારા વિવિધ માપદંડોનું અમલીકરણ કરાવવામાં આવે છે. સમગ્ર વર્ષ દરમિયાન આશરે 3000 ઉપરાંત સલામત પ્રસુતિઓ થાય છે. ખેડબ્રહ્મા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે રાષ્ટ્રકક્ષાની ટીમ દ્વારા કરાયેલ એસેસમેન્ટ લેબર રુમ માટેના તમામ માપદંડોમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી વધારે ૯૯.૩૩ ગુણ અને મેટેરનીટી ઓપરેશન થિયેટરમાં ૯6.૩૮ ગુણ મેળવ્યા છે.

-----------------

## MORBI JUDGE

હાઈકોર્ટના ન્યાયાધીશ બીરેન વૈષ્ણવે મોરબી જિલ્લા સેશન્સ કોર્ટની મુલાકાત લીધી હતી..

ન્યાયાધીશ બિરેન વૈષ્ણવ અને મોરબી જિલ્લાના પ્રિન્સિપલ જિલ્લા જજે મોરબી જિલ્લા વકીલ મંડળ સાથે પણ શુભેચ્છા મુલાકાત કરી હતી.. મોરબી

જિલ્લા વકીલ મંડળના પ્રમુખે કેસોના નિકાલ માટે બે એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને એક જીએમએફસી કોર્ટ તથા એક સિવિલ કોર્ટ એમ કુલ ચાર કોર્ટ વધારવા માટેની પણ ચર્ચા કરી હતી. નવી અદાલત ઝડપથી તૈયાર થાય અને સુવિધા સંપન્ન બને તે માટે પણ વિનંતી કરી હતી.

-----------------

## NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- હાલમાં તહેવારોની રજાઓને કારણે વિશ્વ પ્રસિધ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખાતે મોટી સંખ્યામાં આવતા પ્રવાસીઓ માટે કેક્ટસ ગાર્ડન પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યુ છે. વિશ્વના 17 દેશોના 750 જાતના રંગબેરંગી અનોખા કેકટસ ગાર્ડન પ્રવાસીઓને આકર્ષી રહ્યું છે.
- અમદાવાદમાં ગણેશ મહોત્સવને લઈને પોલીસ કમિશનરની કચેરી, તરફથી જાહેરનામું પ્રસિધ્ધ કરાયું.
- ગણેશ મૂર્તિની સ્થાપના માટે પરમીટ સ્થાનિક પોલીસ સ્ટેશન તરફથી અપાશે.
- બોટાદ નગરપાલિકા દ્વારા સાળંગપુર માટેની શહેરી બસ સેવા શરૂ કરવાના વિરોધમાં રિક્ષા ચાલક એસોસિએશને રેલી યોજી
- મહેસાણામાં  જનરલ હોસ્પિટલ ખાતે લાઈવ ગાયનેક લેપ્રોસ્કોપી વર્કશોપ સાંસદ હરિભાઈ પટેલ ના હસ્તે ખુલ્લો મુકાયો હતો.

- રાજ્યમાં સરકારી તથા અર્ધ સરકારી લો કોલેજોની પ્રવેશ પ્રક્રિયા ત્વરિત ચાલુ કરવા બાબતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા જામનગર કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું.
- સાબરકાંઠા જિલ્લામાં 21 થી 25 ઓગસ્ટ દરમિયાન દિવ્યાંગજનો માટે કુત્રીમ પગ, કેલીપર્સ મેળવવા માટે એસેસમેન્ટ કેમ્પ યોજાશે.
- ભાવનગર એસ.ઓ.જી. દ્વારા 112 કિલોગ્રામ ચરસ જથ્થો પકડી પાડવામાં આવ્યો.

-------------